


# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 10
Issue : 102
Dt.: 16-02-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### ભારત-અમેરિકા ટ્રેડ ડિલ બાદ જયશંકરનું મોટું નિવેદન

# ઓઈલ ક્યાંથી ખરીદવું એ અમે નક્કી કરીશું: વિદેશ મંત્રી જયશંકર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા સાથે ટ્રેડ ડીલ થયા બાદ દાવો કરવામાં આવતો હતો કે ભારત અમેરિકાના પ્રેશરમાં આવી ગયું છે અને હવે રશિયા પાસેથી ઓઈલ ખરીદશે નહીં. વિપક્ષ પણ સરકાર પાસેથી સ્પષ્ટીકરણ માગી રહ્યું હતું. પણ વિદેશ મંત્રી એસ. જયશંકરે ખુલ્લીને કહી દીધું છે કે કોઈના પ્રેશરમાં અમે આવવાના નથી. મ્યૂનિખ સિક્યોરિટી કોન્ફરન્સમાં દિલ્હી ડિસાઈડ્સ વિષય પર ચર્ચા કરતા જયશંકરે સ્પષ્ટ કહી દીધું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતોને પૂરી કરવા માટે ઓઈલ ક્યાંથી ખરીદશે, તેનો નિર્ણય ખાલી ભારત કરશે. ભારતના નેશનલ ઈન્ટરેસ્ટમાં જે હશે, તેના આધાર પર નિર્ણય થશે.

ભારત-અમેરિકા ટ્રેડ ડીલના સમયે અમેરિકા તરફથી કહેવાતું હતું કે ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરી રહ્યું છે, એટલા માટે ટેરિફને ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી દીધો છે. રોયટર્સના રિપોર્ટ અનુસાર, આ છૂટની પાછળ અમેરિકાની એક શરત હતી કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરે અને વેનેઝુએલા જેવા અન્ય સ્રોત તરફ વળે. તેના પર જયશંકરે મ્યૂનિખમાં દહાડતા કહ્યું કે, ભારતની ઓઈલ કંપનીઓ, પછી તે સરકારી હોય કે ખાનગી. બજારનો માહોલ જોઈને નિર્ણય લે છે. અમારી પ્રાથમિકતા અમારી એનર્જી સિક્યોરિટી છે અને અમે અમારી સ્ટ્રેટેજિક ઓટોનોમી બનાવી રાખીશું.

આ નિવેદનને એટલા માટે મોટું માનવામાં આવે છે કે, કેમ કે ભારત-અમેરિકા ટ્રેડ ડીલની તરત બાદ આવ્યું છે. મોટા ભાગે જ્યારે બે દેશ વેપાર ડીલ કરે છે, તો માનવામાં આવે છે કે તેઓ એકબીજાની રાજકીય શરતો માનશે. પણ જયશંકરે ટ્રેડ ડીલને હનીમૂન પીરિયડમાં સ્પષ્ટ કરી દીધું છે કે વેપાર પોતાની જગ્યાએ છે અને અમારી આઝાદ વિદેશ નીતિ પોતાની જગ્યાએ.



તેનો સીધો મતલબ એ છે કે રણનીતિક સ્વાયત્તતા એટલે કે ભારત પોતાના નિર્ણય ખુદ લેશે, કોઈ સુપરપાવરના પ્રેશરમાં આવીને નહીં. જયશંકર કહી રહ્યા છે કે જો રશિયા પાસેથી ઓઈલ ખરીદવું અમારા દેશના હિતમાં હશે તો અમે ખરીદીશું. અમે કોઈ એક જૂથના સ્થાયી પૂંછડિયા નહીં બનીએ. અહેવાલો અનુસાર, મ્યુનિક સુરક્ષા પરિષદમાં જર્મન નેતા જોહાન વાડેફુલ સાથેની ચર્ચા દરમિયાન એસ. જયશંકરે જણાવ્યું હતું કે, અમે વ્યૂહાત્મક સ્વાયત્તતા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. તે અમારા ઈતિહાસ અને વિકાસનો અભિન્ન ભાગ છે.

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનો નિર્ણય કોઈ રાજકીય વલણ નથી, પરંતુ બજારની જરૂરિયાત છે. ભારતની ઓઈલ કંપનીઓ ઉપલબ્ધતા, ખર્ચ અને જોખમોને ધ્યાનમાં રાખીને વ્યાપારી નિર્ણયો લે છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે યુરોપિયન દેશોને આડેહાથ લેતા કહ્યું કે જે રીતે યુરોપની કંપનીઓ પોતાના હિતો જુએ છે, તેવી જ રીતે ભારતીય કંપનીઓ પણ કાર્ય કરે છે.

ભારત હાલમાં રશિયા પાસેથી તેની કુલ જરૂરિયાતનું લગભગ ૩૫ ટકા ઓઈલ ખરીદે છે, જ્યારે અમેરિકા પાસેથી ખરીદીમાં પણ વધારો કરીને તેને ૧૦ ટકા સુધી લઈ જવામાં આવી છે. આ દર્શાવે છે કે ભારત પોતાના ઉર્જા સ્રોતોનું વૈવિધ્યકરણ કરી રહ્યું છે.

તાજેતરમાં અમેરિકાએ ભારતીય સામાન પરના ટેરિફને ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કર્યા છે. આ દરમિયાન યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ દાવો કર્યો હતો કે ભારતે રશિયા પાસેથી વધારાનું ક્રૂડ ઓઈલ ન ખરીદવાની પ્રતિબદ્ધતા આપી છે.

જો કે, એસ. જયશંકરે મ્યુનિકમાં સ્પષ્ટ કર્યું કે, ભારત કોઈ એક સ્રોત પર નિર્ભર નથી અને વિવિધ દેશોમાંથી ઓઈલની ખરીદી કરે છે. જો પશ્ચિમી દેશોના વિચારો સાથે ભારતના નિર્ણયો મેળ ન ખાતા હોય, તો પણ ભારત પોતાના હિતમાં સ્વતંત્ર નિર્ણયો લેવાનું ચાલુ રાખશે.

ગયા વર્ષે ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયન ઓઈલના મુદ્દે ભારત પર લાદેલા ૨૫ ટકા વધારાના ટેરિફને હટાવવો એ બંને દેશોના વેપારી સંબંધોનો ભાગ છે, કોઈ શરત નહીં.

### સિક્યોરિટી ગાર્ડે ID બતાવ્યા પછી જ જવા દીધા

## ઉભા રહો, તમારું ID કાર્ડ ક્યાં છે?, જર્મનીમાં PAK આર્મી ચીફની ફજેતી

(સંપૂર્ણ સમાચાર સેવા)જર્મની

મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સમાં ભાગ લેવા પહોંચેલા પાકિસ્તાનના આર્મી ચીફ ફીલ્ડ માર્શલ આસિમ મુનીરને એન્ટ્રી ગેટ પર સુરક્ષા કર્મચારીઓએ રોક્યા હતા અને ID કાર્ડ માગ્યું હતું. જેનો વીડિયો હવે જોરશોરથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયો અને દાવા મુજબ, જે જગ્યાએ કોન્ફરન્સ યોજાઈ હતી, તે જગ્યાએ એન્ટ્રી ગેટ પર ફરજ બજાવતા એક મહિલા સુરક્ષાકર્મીએ તેમને રોકીને કહ્યું કે, ઉભા રહો, તમારું ID ક્યાં છે? મહેરબાની કરીને તમારું કાર્ડ બતાવો. સૂત્રોનું કહેવું છે કે, સુરક્ષાકર્મીઓએ તેમની સાથે કોઈ ખાસ મહેમાનની જેમ નહીં, પરંતુ એક સામાન્ય પ્રતિનિધિની જેમ વર્તન કર્યું હતું.

આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઘણા લોકો આને પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય છબી સાથે જોડીને જોઈ રહ્યા છે. ટીકાકારોનું કહેવું છે કે, પાકિસ્તાનમાં સૌથી તાકાતવર માનવામાં આવતા સૈના પ્રમુખ એટલે કે આર્મી ચીફને દુનિયામાં કોઈ ઓળખતું નથી અને આંતરરાષ્ટ્રીય મંચ પર તેમની કોઈ ઈજ્જત જ નથી. જોકે, કેટલાક લોકો એવું કહી રહ્યા છે કે, હાઈ લેવલના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં સુરક્ષાના ભાગરૂપે આ સામાન્ય પ્રક્રિયા છે.

પૂર્વ પાકિસ્તાની સૈન્ય અધિકારી આદિલ રાજાએ પણ આ મામલે ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય મંચ પર તેમને ખૂબ ઓછા લોકો ઓળખે છે અને આ જ કારણ છે કે તેમને ગેટ પર રોકીને ઔપચારિક તપાસ કરવામાં આવી. તેમના આ નિવેદને ચર્ચાને વધુ તેજ કરી દીધી.

જોકે, સુરક્ષા નિષ્ણાતોનું માનવું છે કે મ્યુનિક જેવા ઉચ્ચસ્તરીય સમ્મેલનમાં સુરક્ષા અત્યંત કડક રહે છે. ત્યાં તમામ પ્રતિભાગીઓને, ભલે તેઓ કોઈ પણ દેશના મોટા અધિકારી જ કેમ ન હોય, તેમને નિયત પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. આવી સ્થિતિમાં આઈડી કાર્ડની તપાસને સામાન્ય સુરક્ષા પ્રક્રિયા તરીકે પણ જોઈ શકાય છે. તેમ છતાં, આ ઘટના પાકિસ્તાનમાં ચર્ચાનો વિષય બની ગઈ છે. કેટલાક લોકો તેને પ્રોટોકોલ કહી રહ્યા છે, જ્યારે અન્યનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય મંચો પર નિયમો બધા માટે સમાન હોય છે.

વીડિયોમાં દેખાય છે કે એક મહિલા ગેટ પર બધાના આઈડી કાર્ડ ચેક કરી રહી છે. મુનીર આ દરમિયાન પોતાના બે અધિકારીઓ સાથે એન્ટ્રી લે છે. બંનેએ પોતાનું આઈડી કાર્ડ ગળામાં લટકાવી રાખ્યું હતું. પરંતુ મુનીરે કોઈ આઈડી કાર્ડ પહેર્યું નહોતું. તેમનું આઈડી કાર્ડ એક અધિકારી પાસે હતું.

જ્યારે મહિલાએ જોયું તો તેમને (મુનીરને) પૂછ્યું કે તમારું આઈડી કાર્ડ ક્યાં છે? ત્યારે તે અધિકારીએ બતાવ્યું. મહિલા ૫ સ્ટાર વાળા ફીલ્ડ માર્શલને પણ ઓળખી શકી નહીં.

### બદ્રીનાથ મંદિરની તારીખ પણ નક્કી

## ૨૨મી એપ્રિલે ખૂલશે બાબા કેદારનાથના કપાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)દેહરાદુન

ઉત્તરાખંડના પ્રખ્યાત કેદારનાથ મંદિરના દરવાજા ૨૨ એપ્રિલે વૃષભ લગ્ન દરમિયાન ખુલશે. આ જાહેરાત શિયાળુ બેઠક ઓમકારેશ્વર મંદિરમાં યોગ્ય વિધિ સાથે કરવામાં આવી હતી. આ જાહેરાત પછી ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.મંદિર સમિતિના જણાવ્યા અનુસાર, બુધવારે (૨૨ એપ્રિલ) સવારે ૮ વાગ્યે શુભ વૃષભ લગ્ન દરમિયાન દરવાજા ખુલશે. આ છ મહિના લાંબી કેદારનાથ યાત્રાની શરૂઆત હશે. આ વર્ષે, ટી. ગંગાધર લિંગને બાબા કેદારનાથ ધામમાં મુખ્ય પૂજારીની જવાબદારી સોંપવામાં આવી છે. પરંપરાગત રીતે, દક્ષિણ ભારતના રાવલ પૂજારીઓ દ્વારા પૂજા કરવામાં આવે છે. ભક્તો હવે બાબાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં નોંધણી કરાવી રહ્યા છે.

કેદારનાથ મંદિરના દરવાજા ખોલ્યાના એક દિવસ પછી, બદ્રીનાથ મંદિરના દરવાજા ૨૩ એપ્રિલના રોજ સવારે ૬:૧૫ વાગ્યે બ્રહ્મમુહૂર્ત (દૈવી સમય) દરમિયાન ભક્તો માટે ખુલશે. આ શુભ તારીખની જાહેરાત વસંત પંચમીના અવસરે અગાઉ કરવામાં આવી હતી.

ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના દરવાજા ૧૯ એપ્રિલ, અક્ષય તૃતીયાના રોજ યોગ્ય વિધિ સાથે ખોલવામાં આવશે. જો કે, આ બંને મંદિરો માટે ચોક્કસ શુભ સમય આગામી દિવસોમાં મંદિર સમિતિ દ્વારા અલગથી જાહેર કરવામાં આવશે, જેની ભક્તો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સરકાર અને સ્થાનિક વહીવટીતંત્રે ચારધામ યાત્રાની તૈયારીઓ તેજ કરી દીધી છે. રસ્તાઓનું સમારકામ, સુરક્ષા વ્યવસ્થા અને નોંધણી વ્યવસ્થા સુવ્યવસ્થિત કરવામાં આવી રહી છે. હોટલ અને ધર્મશાળાઓ માટે એડવાન્સ બુકિંગ પણ શરૂ થઈ ગયું છે. દર વર્ષે લાખો યાત્રાળુઓ ચારધામ યાત્રા કરે છે. આ વર્ષે પણ સારી સંખ્યામાં યાત્રાળુઓ આવવાની અપેક્ષા છે. ભક્તો બાબા કેદારનાથના દર્શન માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, પર્વતોમાં બરફવર્ષા ઓછી થાય અને હવામાન સ્વચ્છ રહે તેવી પ્રાર્થના કરી રહ્યા છે.

### દાયકાઓ બાદ આ યોજના પર ફરી શરૂ થશે કામ

## પાકિસ્તાનને વધુ એક ઝટકો આપવાની તૈયારીમાં ભારત!

**જમ્મુ અને કાશ્મીર સરકાર ચાર દાયકાથી બંધ પડેલા વુલર બેરેજ પ્રોજેક્ટને પુનર્જીવિત કરી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓપરેશન સિંદૂર બાદ ભારતે સિંધુ જળ સંધિ સ્થગિત કરી છે. જેને લઈને પાકિસ્તાને અનેક પ્રતિક્રિયા આપી પરંતુ ભારત સરકારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આ સંધિ શાંતિ માટે હતી. આમ, જો પાકિસ્તાન શાંતિ સ્થાપવા ઈચ્છતુ નથી તો આ સંધિ પણ નહીં રહે. આ દરમિયાન ભારત પાકિસ્તાનને વધુ એક ઝટકો આપવાની તૈયારીમાં છે. જેમાં જમ્મુ અને કાશ્મીર સરકાર ચાર દાયકાથી બંધ પડેલા વુલર બેરેજ પ્રોજેક્ટને પુનર્જીવિત કરી રહી છે. તેનો હેતુ ઝેલમ નદીના પાણીના પ્રવાહનો સંગ્રહ અને નિયમન કરવાનો છે.

કેન્દ્ર અને જમ્મુ-કાશ્મીર સરકારે સિંધુ જળ સંધિને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટને પડતો મૂક્યો હતો. જ્યારે હવે સંધિ સ્થગિત કરવામાં આવી છે, ત્યારે મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા સરકાર તેને ફરીથી શરૂ કરવા જઈ રહ્યું છે. અધિકારીઓ અનુસાર, કેન્દ્ર અને સ્થાનિક સરકાર જલ્દી સાથે મળીને વુલર બેરેજ પ્રોજેક્ટ પર કામ શરૂ કરશે. ઓપરેશન સિંદૂર બાદ સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના નિર્ણય બાદ વુલર બેરેજ તળાવ ફરી એકવાર ધ્યાન પર આવ્યું છે. જેને લઈને મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ વિધાનસભામાં કહ્યું હતું કે, તેમની સરાકર કેન્દ્રની સાથે મળીને બે મોટા પ્રોજેક્ટ પર કામ રહી છે. જેમાં જમ્મુ શહેરને અખનૂર ખાતે ચિનાબ નદીના પાણી પુરવઠા અને ઝેલમ પરના તુલબુલ પ્રોજેક્ટ (વુલર બેરેજ) પર ચર્ચા ચાલી રહી છે. નોંધનીય છે કે, આ પ્રોજેક્ટ માટે ભંડોળ શરૂઆતમાં એશિયન બેંક પાસેથી મેળવવામાં આવ્યું હતું, પરંતુ સિંધુ સંધિને કારણે તેને અટકાવી દેવામાં આવ્યું હતું. વર્તમાન સ્થિતિની વાત કરીએ તો ઝેલમ નદીના પ્રવાહ અનુસાર તળાવનો આકાર બદલતો રહે છે. જેમાં લઘુતમ વિસ્તાર ૨૦ વર્ષ કિલોમીટર જેટલો છે, જ્યારે મહત્તમ ૧૯૦ વર્ગ કિલોમીટર છે. આ બેરેજ બનાવવાથી સ્થાનિકોમાં રોજગારીની તકો ઉભી થવાની આશા છે. એક રિપોર્ટ અનુસાર, શિયાળાની ઋતુમાં ઝેલમ નદીમાં પાણીનો પ્રવાહ ઓછો થાય છે, જેના કારણે વુલરનો મોટાભાગનો ભાગ સૂકો પડી જાય છે. જ્યારે હવે સરકારે આ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે, ત્યારે તેનાથી સ્થાનિકોમાં રોજકારીની તકો ઉભી થશે. નોંધનીય છે કે, બાંદીપોરાથી લઈને સોપોર સુધી અનેક લોકો માછીમારી, કમળ કાકડી કાઢવા માટે હોડીનો ઉપયોગ કરા હતા. પરંતુ તળાવ સંકોચાઈ જવાના કારણે તેમની પરંપરાગત આજીવિકા બંધ થઈ ગઈ હતી.

### ૩૮ દેશ સાથે ટ્રેડ ડીલ પર બોલ્યા મોદી

## રાજનીતિક સ્થિરતાએ ભારતમાં રોકાણકારોનો વિશ્વાસ જાળવી રાખ્યો

**વર્તમાન પરિસ્થિતિઓને અનુરૂપ સંરક્ષણ ક્ષેત્રનું આધુનિકીકરણ કરવું એ સરકારની ફરજ છે : વડાપ્રધાન**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય બજેટ અને અમેરિકા તથા યુરોપિયન યુનિયન સાથેના મહત્વની ટ્રેડ ડીલ (વેપાર કરાર) બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યૂઝ એજન્સી પીટીઆઈ ને એક વિશેષ ઈન્ટરવ્યુ આપ્યો છે. આ બે મોટી ઘટનાઓ પછી કોઈ મીડિયા સાથે તેમણે કરેલી પહેલી મુલાકાત છે. વડાપ્રધાન મોદીએ આ ઈન્ટરવ્યુમાં ભારતીય અર્થતંત્ર અને સંરક્ષણ ક્ષેત્ર અંગે કેટલીક પાયાની વાતો અંગે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત કેટલીક બાબતો મામલે સ્પષ્ટતા પણ કરી હતી. વિવિધ ડીલની શરતો પર પણ પ્રકાશ પાડ્યો હતો. રોકાણકારોનો વિશ્વાસ: વડાપ્રધાને જણાવ્યું કે દેશમાં રહેલી રાજકીય સ્થિરતાએ વૈશ્વિક રોકાણકારોનો ભારત પરનો વિશ્વાસ ફરી સ્થાપિત કર્યો છે. પોતાની શરતો પર વ્યાપાર: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, આપણા મજબૂત મેન્યુફેક્ચરિંગ સેક્ટર, સર્વિસ સેક્ટર અને MSME (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ) સેક્ટરે ભારતને દુનિયાના ૩૮ દેશો સાથે પોતાની શરતો પર વ્યાપાર કરાર કરવામાં સક્ષમ બનાવ્યું છે.

નાના ઉદ્યોગોને પ્રોત્સાહન: પીએમ મોદીના અનુસાર, ભારતના મુક્ત વ્યાપાર કરારો (FTA) ટેક્સટાઈલ, લેધર, કેમિકલ, હેન્ડીક્રાફ્ટ અને જ્વેલરી જેવા ક્ષેત્રોમાં નાના અને મધ્યમ ઉદ્યોગો માટે આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચ વધારવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યા છે.

ડિફેન્સ બજેટમાં કરવામાં આવેલા વધારા અંગે વાત કરતા વડાપ્રધાને કહ્યું કે, "વર્તમાન પરિસ્થિતિઓને અનુરૂપ સંરક્ષણ ક્ષેત્રનું આધુનિકીકરણ કરવું એ સરકારની ફરજ છે. અમારી સરકારે દેશના સંરક્ષણ દળોને સમર્થન આપવા અને તેમને મજબૂત કરવા માટે તમામ શક્ય પ્રયાસો કર્યા છે અને ભવિષ્યમાં પણ કરતી રહેશે."

## પોલીસ કમિશનરે રહસ્યો ખોલ્યા: સાધ્વી પ્રેમ બાઈસાનું મોત કાર્ડિયક અરેસ્ટથી થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)જોધપુર

જોધપુરમાં સાધ્વી પ્રેમ બાઈસાના નિધન સાથે જોડાયેલો કેસ નવા વળાંક પર આવી ગયો છે. શહેરના પોલીસ કમિશનર ઓમ પ્રકાશે પ્રેસ કોન્ફરન્સ કરી મહત્ત્વની વાત જણાવી છે. કમિશનરે જણાવ્યું કે મેડિકલ રિપોર્ટ અનુસાર, સાધ્વીનું મોત કાર્ડિયાક અરેસ્ટ અને શ્વાસની બીમારીના કારણે થયું છે. રિપોર્ટમાં એવું પણ સામે આવ્યું છે કે તેમને પહેલાથી અસ્થમા અને શ્વાસની તકલીફ હતી. પ્રેસ કોન્ફરન્સમાં કમિશનર ઓમ પ્રકાશે કહ્યું કે, એસઆઈટી તપાસમાં અમુક તથ્યો સામે આવ્યા છે, જેમાં બેદરકારીની વાત પણ નીકળીને સામે આવી છે. પ્રથમ દ્રષ્ટિએ કંપાઉન્ડર દેવી સિંહ રાજપુરોહિત પર બેદરકારીના સંકેત મળ્યા છે.

તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે ડોક્ટરની રસીદ વિના ઈન્જેક્શન લગાવ્યા. સાથે જ એવો પણ સવાલ થયો કે આખરે દર્દીની હાલત બગડતા તેને હોસ્પિટલે કેમ ન મોકલી. એસઆઈટીને આ સંબંધમાં અમુક તથ્યો પણ મળ્યા છે. જો કે પોલીસનું કહેવું છે કે અંતિમ મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ જ તે અનુસાર, આગળની કાર્યવાહી કરવામાં આવશે. મેડિકલ અધિનિયમ અને કાનૂની જોગવાઈ અંતર્ગત કંપાઉન્ડર વિરુદ્ધ પગલાં લેવામાં આવશે. આ મામલામાં સાધ્વીના પિતા દ્વારા ઈન્સ્ટાગ્રામ પર કરવામાં આવેલી પોસ્ટ પણ ચર્ચામાં હતી. તેના પર પોલીસ કમિશનરે સ્પષ્ટ કર્યું કે આ પોસ્ટને આ ઘટના સાથે કોઈ કનેક્શન નથી મળ્યું. તેમણે કહ્યું કે તપાસમાં પિતાનો કોઈ ખોટો ઈરાદો અથવા મેલેફાઈડ ઈન્ટેન્શન સામે આવ્યું નથી. પહેલાથી નોંધાયેલા કોઈ પણ કેસને આ ઘટના સાથે કોઈ સંબંધ નથી જોવા મળ્યો.

સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ હાલમાં તપાસ કરી રહી છે. અમુક તથ્યોને લઈને સામાન્ય લોકો પાસેથી પણ જાણકારી એકઠી કરવામાં આવી રહી છે. પોલીસનું કહેવું છે કે આખી તપાસ પારદર્શી તરીકે કરવામાં આવી રહી છે.

સ્થિતિ સ્પષ્ટ થશે. હાલમાં એટલું જ નક્કી છે કે કાર્ડિયાક અરેસ્ટ અને શ્વાસની બીમારી મોતનું કારણ બતાવ્યું છે. પણ બેદરકારીના એંગલથી પણ પોલીસ તપાસ કરી રહી છે.




